પ્રવેશપત્ર મેળવવાની છેલ્લી તા.૩૧/૦૫/૧૬
પ્રવેશપત્ર સ્વીકારવાની છેલ્લી તા.૦૬/૦૬/૧૬

# ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગર

## યોજનાનું નામ:- તુરી બારોટ નાટ્ય નિર્માણ માટેની આર્થિક સહાય

## પ્રવેશપત્ર વર્ષ:૨૦૧૬-૧૭

ફોટોગ્રાફ્સ

| ક્રમ | વિગત | માહિતી |
|---|---|---|
| ૧ | સંસ્થા/મંડળીનું નામ | |
| ૨ | સંસ્થા/મંડળીનું સરનામું અને ફોન નંબર (મોબાઇલ નંબર સહિત) | |
| ૩ | સંસ્થા/મંડળી જૂના નાટકોના ક્ષેત્રે કેટલા વર્ષથી કાર્યરત છે તેની વિગત (પુરાવા રજુ કરવા) | |
| ૪ | જૂના નાટકનું દિગ્દર્શન કરનાર દિગ્દર્શકનું નામ | |
| ૫ | નાટકનું નામ તથા તેનો ટૂંકસાર | |
| ૬ | દિગ્દર્શકનો જૂના નાટ્યક્ષેત્રે દિગ્દર્શનનો અનુભવ(પુરાવા રજુ કરવા) | |
| ૭ | કલાકાર/દિગ્દર્શક તુરી-બારોટ જ્ઞાતિના છે તે અંગે જાતિનું પ્રમાણપત્ર રજુ કરવું | |
| ૮ | સંસ્થા અંગેનો અભિપ્રાય (જે ગામની સંસ્થા હોય તેના અગ્રણી સરકારી અધિકારી/સમકક્ષ પ્રતિષ્ઠિત વ્યક્તિનું પ્રમાણપત્ર રજુ કરવું) | |

ઉક્ત વિગતો સંપૂર્ણ સાચી અને સત્ય હોવાની ખાતરી આપુ છું તેમજ ગુજરાત સરકારશ્રીના પ્રવર્તમાન નિયમ તથા ભવિષ્યમાં થનાર સુધારા વધારાને અમલ કરવા બંધનકર્તા રહીશ.

સ્થળ:-

તારીખ:-

અરજદારની સહી.......................................

## ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગર

## તુરી બારોટ નાટકોના નવ નિર્માણ યોજનાના અમલીકરણ અંગેની વિગત

(૧) ગુજરાત રાજ્યમાં રહેતા તુરી બારોટ કલાકારોની સંસ્થા અથવા મંડળીને જુના નાટકો કરવા માટે આર્થિક સહાય આપવામાં આવશે. આવી મંડળી ઓછામાં ઓછાં પાંચ વર્ષથી કાર્યરત હોવી જોઇએ. આ અંગેના આધાર પુરાવા રજુ કરવાનો રહેશે.

(૨) નાટક વેશનું દિગ્દર્શન કરનાર દિગ્દર્શકનો સંપૂર્ણ પરિચય (બાયોડેટા) અરજી સાથે રજુ કરવાનો રહેશે. દિગ્દર્શકના અનુભવના આધારે સહાય આપવામાં આવશે.

(૩) દર વર્ષે કુલ પંદર સંસ્થાઓને સહાય આપવામાં આવશે. પ્રત્યેક સંસ્થાને નિર્માણ માટે રૂા.૫૦,૦૦૦/- (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) ની સહાય આપવામાં આવશે. આ નાટક તૈયાર થયા બાદ તેના શો કરવા માટે શો દીઠ રૂા.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ની સહાય આપવામાં આવશે. વધારેમાં વધારે દસ શો માટે સહાય આપવામાં આવશે. શો ની રજુઆતના પુરાવા રૂપે ફોટોગ્રાફ, ગામના અગ્રણી અથવા આયોજક સંસ્થાનું પ્રમાણપત્ર, આમંત્રણ કાર્ડના નમૂના વિગેરે રજુ થયા બાદ આર્થિક સહાય ચુકવવામાં આવશે.

(૪) નાટક અથવા જુના વેશ – પરંપરાગતો હોવા જરૂરી છે. આધુનિક નાટકોને આ સહાય મળી શકશે નહિ.

(૫) નાટક વેશમાં કામ કરતા કલાકારોતુરી બારોટ સમાજના જ હોવા જરૂરી છે.

(૬) યોજનાનો લાભ લેવા ઇચ્છતા હોય તે નાટક વેશની સ્ક્રીપ્ટ તથા ટૂંકસાર રજુ કરવાનો રહેશે.

(૭) જે અરજદારની અરજી મંજુર થશે તેણે ૫૦/- રૂા. ના બોન્ડ પર બાંહેધારી પત્ર આપવાનું રહેશે. ત્યારબાદ રૂા.૫૦,૦૦૦/- નિર્માણ ખર્ચ માટે એડવાન્સ આપવામાં આવશે. આ રકમનો ડ્રેસ, સેટીંગ્સ, રિહર્સલ ખર્ચ લેખક, દિગ્દર્શક તથા કલાકારોને પુરસ્કાર સંગીતના સાધનો વસાવવા તથા જરૂરી સાધન સામગ્રી વસાવવા માટે ખર્ચ કરી શકાશે. જેના અસલ બીલો જરૂર જણાયે અકાદમીને રજુ કરવાના રહેશે.

(૮) દસ શો ભજવવા માટે જે તે સ્થાનિક સહયોગી સંસ્થાનો સહયોગ લઇ શકાશે. શો દીઠ પંદર હજાર રૂપિયા શો પુરા થઇ ગયાના આધાર-પુરાવા રજુ કર્યા પછી જ મળી શકશે. આ શો માટે બીજી કોઇ વધારાની રકમ ફાળવવામાં આવશે નહિ.

(૯) પ્રત્યેક મંડળીને રૂા.૫૦,૦૦૦=૦૦નિર્માણ ખર્ચ

રૂા.૧,૫૦,૦૦૦=૦૦ દસ શો ભજવવા માટે સહાય

કુલ રૂા.૨,૦૦,૦૦૦=૦૦

પ્રતિ વર્ષ આ યોજના હેઠળ પંદર મંડળીઓને રૂા.૨.૦૦ લાખ લેખે કુલ રૂા.૩૦.૦૦ લાખની આર્થિક સહાય ચુકવવામાં આવશે.